# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગઅમદાવાદ ,આકાશવાણી ,

**Date: 06-01-2025** **Day: Monday** **Evening: 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર જાગૃતિ વકીલ વાંચે છે.

---

**HMPV વાયરસ:**

દેશમાં HMPV વાયરસનો ત્રીજો કેસ મળ્યો, કર્ણાટક બાદ અમદાવાદમાં આજે 2 મહિનાનું બાળક પોઝિટિવ  આવ્યું છે. આ અંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, હ્યુમન મેટાન્યુમો વાયરસથી ગભરાવવાની જરૂર નથી પરંતુ સાવચેતી અચૂક રાખવી જોઈએ. વાઇરસની ઇન્ટેસિટી કેટલી છે એના આધારે ફોરેન ટૂરિસ્ટ માટેની ગાઈડલાઈન નક્કી કરાશે..

(બાઈટ – આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ)

આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ લોકોએ ભીડભાડ વાળી જગ્યાએ માસ્કનો ઉપયોગ કરવા અને ઉધરસ  કે છીંક આવે  ત્યારે મોં અને નાકને રૂમાલથી ઢાંકવાની સલાહ અપાઈ છે.

--------------------------------------------------------------------------------------------------------

કચ્છ જીલ્લા સામાન્ય સભા:

કચ્છ જીલ્લા પંચાયતની સામાન્ય સભા આજે જીલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાની અધ્યક્ષતામાં DDO શૈલેશ પ્રજાપતિની હાજરીમાં યોજાઈ હતી. જેમાં, પ્રારંભે ગત સામાન્ય સભાની કાર્યવાહીને બહાલી, અગાઉ સામાન્ય સભાના નિર્ણયો પર લીધેલ પગલા તથા પંચાયતી સમિતિઓની મળેલી સભાની કાર્યવાહીની બહાલી આપવામાં આવી હતી.

૧૫મા નાણાપંચના જીલ્લા કક્ષાના આયોજનમાં સૂચિત ફેરફાર વાળા કામોને બહાલી આપ્યા બાદ પ્રશ્નોતરીકાળ શરુ થયો હતો. જેમાં, શિક્ષક, તલાટી, આરોગ્ય માળખામાં સ્ટાફ ઘટ તથા વિવિધ પાયાની સુવિધાઓ અંગે ચર્ચા થઇ હતી.

--------------------------------------------------------------------------------------------------------

## ભુજ: કંઢેરાઈની યુવતી બોરવેલમાં ફસાઈ :

ભુજ તાલુકાના કંઢેરાઈ ગામે આજે એક યુવતી 540 ફૂટ ઊંડા બોરવેલમાં પડી જવાના અહેવાલ છે. વાડીમાં ખેતમજૂરી કરતા શ્રમજીવી પરીવારની પુત્રી બોરવેલમાં પડી જતા સ્વજનો સાથે ગ્રામજનોમાં ભારે ચિંતાનો માહોલ છવાયો છે.

ઘટનાના પગલે કચ્છ જિલ્લા કલેક્ટર , પોલીસ વડા, ભુજ વહીવટી તંત્રની ટીમ સાથે ફાયર વિભાગ અને 108 એમ્બ્યુલન્સની ટીમ ખડેપગે બચાવ કામગીરીમાં જોડાયું છે. હાલ તંત્ર દ્વારા રેસક્યૂ ઓપરેશન ચાલુ છે. તો ગાંધીનગરથી આવેલી NDRF ની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે.

---------------------------------------------------------------------------------------------------------------

## કરુણા અભિયાન:

ઉત્તરાયણ પર્વને અનુલક્ષીને રાજ્ય સરકાર દ્વારા ઘાયલ પક્ષીઓની સમયસર સારવાર તથા બચાવ માટે કરૂણા અભિયાન ચલાવવા માં આવે છે. ઘાયલ પક્ષીને જોતા તરત જ નજીકના સારવાર કેન્દ્ર/બચાવ કેન્દ્રનો સંપર્ક કરવા તથા ઘાયલ પક્ષીની આંખને કપડાંથી ઢાંકી બાસ્કેટ કે કાણા વાળા પુંઠાના બોક્સમાં રાખી બનતી તાત્કાલિક સારવાર કેન્દ્રમાં પહોં ચાડવા જણાવાયું છે. વૃક્ષો/ઇલેક્ટ્રિક લાઈન અને ટેલીફોન લાઈનથી દૂર પતંગ ચગાવવા, સવારે ૯ વાગ્યા પહેલા કે સાંજે ૫ વાગ્યા પછી પતંગ ન ચગાવવા,ચાઇનીઝ દોરી, સિન્થેટીક કે કાચ પાયેલી દોરીનો પતંગ ચગાવવા ઉપયોગ ન કરવા જણાવવામાં આવ્યું છે.

ચાઇનીઝ દોરીનો વેચાણ કરતા ધ્યાને આવે તો તરત જ સ્થાનિક પોલીસ કે વન વિભાગને જાણ કરવા તાકીદ કરવામાં આવી છે.રાજ્યમાં તમામ પક્ષી સારવાર કેન્દ્રો દર્શાવતા ઓનલાઈન મેપની લીંક સ્વયં સંચાલીત હેલ્પલાઇન નંબર ૮૩૨૦૦૦૨૦૦૦ માં વોટ્સએપમાં " KARUNA" મેસેજ લખવાથી મળી શકશે તેમ એક યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------------------------------

ખાવડા ફાયરીંગ રેન્જ:

ખાવડા ફાયરીંગ રેન્જ ખાતે આગામી ૮ થી ૧૧મી જાન્યુઆરી દરમ્યાન દારૂગોળા/વિસ્ફોટકોનો નાશ તેમજ સળગાવવામાં આવશે. આ દરમિયાન કોઈ દૂર્ઘટના ના ઘટે તે માટે ફાયરિંગ રેન્જમાં કોઇપણ વ્યક્તિઓએ ન પ્રવેશવા અને ઢોરોને પ્રવેશવા ન દેવા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. કોઇપણ વ્યક્તિ આ ફાયરિંગ રેન્જમાં પ્રવેશશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમજ વ્યક્તિને કે ઢોરોને કોઇ નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વ્યક્તિની રહેશે તેમ સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.

---

પાસપોર્ટ :

કચ્છમા પાસપોર્ટનું કામ વધારે રહેતુ હોવાથી પાસપોર્ટ કચેરી દ્વારા ભુજની હેડ પોસ્ટ ઓફિસ ખાતે આજથી આગામી 10 જાન્યુઆરી સુધી ખાસ પાસપોર્ટ મોબાઈલ વાન મૂકવામાં આવી છે. આ વાન મારફતે પાસપોર્ટ ને લગતી કામગીરી હાથ ધરાઈ છે.

---

હવામાન:

છેલ્લા ત્રણ ચાર દિવસથી કચ્છ ઠંડીમાં આંશિક રાહત મળ્યા બાદ ગઈકાલ સાંજથી ફરી શીત લહેર ફરી વળી છે. રાજ્યમાં સૌથી નીચું તાપમાન કચ્છના નલિયામાં ૬.૪ ડીગ્રી નોંધાયું છે. તો ભુજમાં લઘુત્તમ તાપમાનનો પારો ૧૦.૮ ડીગ્રી રહ્યો છે. બર્ફીલા પવનોથી લોકો ઠુંઠવાયા છે.

---

કુકમા: ગાય આધારિત ખેતી તાલીમ શિબિર:

કચ્છમાં કુકમા ખાતે આગામી તા. ૧૧ થી ૧૩ જાન્યુઆરી સુધી ગાય આધારિત ખેતીની તાલીમ વૈજ્ઞાનિક પધ્ધતિથી યોજાશે. સળંગ ૧૧૦મી આ નિશુલ્ક તાલીમ શિબિરમાં ખેડૂતો ઉપરાંત ખેતી કરવા અને સમજવા ઈચ્છુક લોકો જોડાઈ શકશે.